સ. મ. પ્રે., ગાં., (એચ) ૨૦૬૦-૫૦૦૦-૪-૮૦.

નિયમિત ભરતીમાં છૂટછાટ મૂકીને અથવા બીજી રીતે વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યા પર ખેલાડીઓની નિમણૂંક.

# ગુજરાત સરકાર

## સામાન્ય વહીવટ વિભાગ

ઠરાવ નં. સીઆરઆર-૧૦૭૩-૨૬૯૦-ગ-૨

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી, ફેબ્રુઆરી, ૧૯૮૦

## ઠરાવ

ખેલકૂદ પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે સરકારી કર્મચારીઓને ઉત્તેજન આપવા માટે ગુણવત્તા ધરાવતા ખેલાડીઓને સરકાર હેઠળ વર્ગ-૩ અને વર્ગ-૪ની સેવાઓ/જગ્યાઓ પર એમની નિમણૂકની બાબતમાં રાહત આપવાનો પ્રશ્ન વિચારણા હેઠળ હતો. કાળજીપૂર્વક વિચારણા કર્યા પછી અને સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૧લી જુલાઈ, ૧૯૭૪નાં સરકારી ઠરાવ નં. સીઆરઆર-૧૦૭૩-૧૧૮૦-ગ રદ કરીને યોગ્ય લાયકાતવાળી અને ભરતી નિયમોની અન્ય જરૂરિયાતો ધરાવતી વ્યક્તિઓમાંથી, બીજી બધી બાબતો સમાન હોય તો ફકરા-૩માંની જોગવાઈઓને આધીન રહીને નિયમિત ભરતીથી અથવા બીજી રીતે ભરવી જરૂરી હોય એવી સરકાર હેઠળની વર્ગ-૩ અને વર્ગ-૪ની સેવાઓ/જગ્યાઓ પર નિમણૂક માટે ગુણવત્તા ધરાવતા ખેલાડીઓને પસંદગી આપવાનો સરકારે નિર્ણય કર્યો છે.

૨. (ક) ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા કોઈ પણ રૂબરૂ મુલાકાત કે મૌખિક કસોટી સિવાય સ્પર્ધાત્મક પરીક્ષા પદ્ધતિથી કોઈ સેવા કે જગ્યા માટે ભરતી કરાતી હોય એવા કેસો અંગે, નીચેના ફકરા-૩માં નિયત કરેલ ધોરણો પરિપૂર્ણ કરનાર ઉમેદવારોને સરકારી સેવામાં પસંદગી માટે પાત્ર ગણવા. આ હેતુ માટે કોઈ પણ લિખિત કસોટીમાં એમણે મેળવેલ ગુણની કુલ સંખ્યાના ૫ ટકાથી વધુ નહી એટલા ગુણ ઉમેરીને એમને પસંદગી આપી શકાશે.

(ખ) જ્યાં રૂબરૂ મુલાકાતને આધારે ભરતી કરાય છે અને ઉમેદવારની પસંદગી એસ. એસ. સી. ~~પરીક્ષા~~ વગેરેમાં મેળવેલ ગુણ પર આધારિત હોય ત્યાં ગુણવત્તા ધરાવતા ખેલાડીની બાબતમાં ભરતી માટેના ધોરણ અંગે આવા ગુણની જરૂરિયાત ૫ ટકાથી વધુ ન હોય એ રીતે ઘટાડવી.

૩. જો રાજ્ય/રાષ્ટ્રીય કક્ષાએ વ્યક્તિગત રમતોમાં પહેલું, બીજું અને ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું હોય અને ટુકડીની રમતોમાં તેઓ વિજેતા ટુકડીના હોય, તો નીચેની કક્ષાના ખેલાડીઓને ગુણવત્તા ધરાવનાર તરીકે ગણવામાં આવશે અને ઉપર ફકરા-૧ અને ૨માં જણાવેલ સેવાઓ/જગ્યાઓ પર ભરતી માટે વિચારણાને પાત્ર ઠરશે.

(૧) 'જોડાણ-ક'માં જણાવેલ યાદીમાં કોઈ પણ રમત/ખેલકૂદમાં રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં જેમણે રાજ્ય કે દેશનું પ્રતિનિધિત્વ કર્યું હોય એવા ખેલાડીઓ.

(૨) 'જોડાણ-ક'માં દર્શાવેલ કોઈ પણ ખેલકૂદ/રમતો આંતર યુનિવર્સિટી ખેલકૂદ બોર્ડ દ્વારા સંચાલિત આંતર યુનિવર્સિટી-ટુર્નામેન્ટમાં પોતાની યુનિવર્સિટીઓનું પ્રતિનિધિત્વ કર્યું હોય એવા ખેલાડીઓ.

(૩) 'જોડાણ-ક'માંની યાદીમાં દર્શાવેલ કોઈ પણ રમતો/ખેલકૂદમાં અખિલ ભારત શાળા રમતગમત સંઘ દ્વારા શાળાઓ માટે સંચાલિત રાષ્ટ્રીય ખેલકૂદ/રમતોમાં રાજ્યની શાળાની ટુકડીઓનું પ્રતિનિધિત્વ કર્યું હોય એવા ખેલાડીઓ.

૪. સામાન્ય રીતે ઉપરના ફકરા-૩ના અર્થમાં અરજદારની અરજી પર વિચારણા કરતા જોડાણ-ખમાં જણાવેલ સત્તાધિકારીઓએ જ આપેલ પ્રમાણપત્રો ધ્યાન પર લેવાં. જરૂર જણાય ત્યાં જોડાણ-ખમાં જણાવેલ સત્તાધિકારીને પૂછાણ કરીને અરજદારોના દાવાઓની ચકાસણી પણ કરવી.

૫. આ ઠરાવમાંની સૂચનાઓનું ચીવટપૂર્વક પાલન કરવા સચિવાલયના બધા વિભાગો, ખાતાના વડાઓ/કચેરીઓ તથા રાજ્ય જાહેર ઉપક્રમોના ભરતી એજન્સીઓને વિનંતી કરવામાં આવે છે.

આ ઠરાવ ગુજરાત જાહેર સેવા આયોગની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. જી. પંડ્યા,
ઉપ-સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

નકલ સાદર રવાનાઃ—

રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
*રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત રાજ્ય સેવા કમિશન, અમદાવાદ (૧૦ નકલો)
*સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત સિવિલ સર્વિસીઝ ટ્રીબ્યુનલ, ગાંધીનગર/સચિવાલયના તમામ વિભાગો (૨૦ નકલો).
સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ.
પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર/અમદાવાદ.
નિવાસી હિસાબી અધિકારી, ગાંધીનગર/અમદાવાદ.
ખાતાના વડાઓ/કચેરીઓ.
સિલેકટ ફાઈલ 'ગ-૨' શાખા.
ડીસ્ટ્રીબ્યુશન 'સી' કલાસ.

## જોડાણ—ક

સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૭૯ના સરકારી ઠરાવ ફકરા—૩માં ઉલ્લેખેલ રમતો/ખેલકૂદની યાદી:—

૧. એથલેટિક (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત)

૨. બેડમિન્ટન

૩. બાસ્કેટબોલ

૪. ક્રિકેટ

૫. ફુટબોલ

૬. હોકી

૭. સ્વિમીંગ

૮. ટેબલટેનીસ

૯. વોલીબોલ

૧૦. ટેનીસ

૧૧. વેઈટલિફટિંગ

૧૨. રેસલિંગ

૧૩. બોકસિંગ

૧૪. સાઈકલિંગ

૧૫. જીમનેસ્ટિકસ

૧૬. જુડો

૧૭. રાઈફલશુટિંગ

૧૮. કબડ્ડી

૧૯. ખો.ખો.

## જોડાણ—ખ

ખેલકૂદ સ્પર્ધામાં ભાગ લેવા અંગે ગુણવત્તા ધરાવતા ખેલાડીઓને પ્રમાણપત્ર આપનાર સત્તાધિકારીઓની યાદી :

| ક્રમ | સ્પર્ધા | પ્રમાણપત્ર આપનાર સત્તાધિકારી | પ્રમાણપત્ર આપવાનું ફોર્મ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | આંતરરાષ્ટ્રીય સ્પર્ધા. | સંબંધિત રમતના રાષ્ટ્રીય સંઘના સેક્રેટરી. | ૧ |
| ૨. | રાષ્ટ્રીય સ્પર્ધા. | સંબંધિત રમતના રાષ્ટ્રીય સંઘના સેક્રેટરી અથવા રાજ્ય એસોસિએશનના સેક્રેટરી. | ૨ |
| ૩. | આંતર યુનિવર્સિટી ટુર્નામેન્ટ. | સંબંધિત યુનિવર્સિટીઓની ખેલકૂદનો સમગ્ર હવાલો ખેલકૂદના ડીન અથવા બીજા કોઈ અધિકારી. | ૩ |
| ૪. | શાળાઓ માટેની રાષ્ટ્રીય ખેલકૂદ/રમતો. | રાજ્યની જાહેર સંસ્થા/શિક્ષણ નિયામકની કચેરીમાંના શાળાઓ માટેની ખેલકૂદ/રમતોનો સમગ્ર હવાલો ધરાવતા નિયામક અથવા અધિક/સંયુક્ત અથવા નાયબ નિયામક. | ૪ |

નોંધ.—ઉપર ઉલ્લેખેલ ફોર્મ ૧, ૨, ૩ અને ૪ના નમૂના જોડાણ 'ગ' માં આપ્યાં છે.

જોડાણ–ગ

જોડાણ–ખમાં ઉલ્લેખેલ નમુનાના ફોર્મ

ફોર્મ–૧.

(કોઈપણ માન્ય રમત/ખેલકૂદમાં આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે.)

રાષ્ટ્રીય સંઘ/રાષ્ટ્રીય એસોસિએશન........

રાજય સરકાર હેઠળની વર્ગ-૩/વર્ગ-૪ની જગ્યાઓ/સેવાઓમાં નોકરી માટેની ગુણવત્તા ધરાવતા ખેલાડીઓ માટે પ્રમાણપત્ર.

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી........................................................................ તે શ્રી........................................................................ના/પુત્ર/પત્ની/પુત્રી છે. જેઓ........................ ખાતે રહે છે. (પૂરેપૂરું સરનામું) એમણે તારીખ........................................................................થી સુધી........................................................................ખાતે યોજાયેલ સ્પર્ધા/ટુર્નામેન્ટમાં ........................ રમતમાં દેશનું પ્રતિનિધિત્વ કર્યું છે.

ઉપર્યુકત સ્પર્ધા ટુર્નામેન્ટમાં વ્યકિતએ/ટુકડીએ પ્રાપ્ત કરેલ સ્થાન........................................................................છે.

........................................................................ના રાષ્ટ્રીય સંઘ/રાષ્ટ્રીય એસોસિયેશન કચેરીમાં ઉપલબ્ધ રેકર્ડના આધારે આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સહી ........................................

નામ ........................................

હોદ્દો ........................................

સંઘ/રાષ્ટ્રીય એસોસિયેશનનું નામ ........................................

સરનામું ........................................

સિક્કો ........................................

સ્થળ ........................................

તારીખ ........................................

નોંધ.—રાષ્ટ્રીય સંઘ/રાષ્ટ્રીય એસોસિયેશનના સેક્રેટરીએ પોતે સહી કરી હશે તો જ આ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

## ફોર્મ–૨

(કોઈપણ માન્ય રમત/ખેલકૂદ રાષ્ટ્રીય સ્પર્ધામાં ભારતમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કરવા માટે)

............................................................ની રમતનું ................................................રાજ્ય એસોસિયેશન રાજ્ય સરકાર હેઠળની વર્ગ-૩/વર્ગ-૪ની જગ્યાઓ/ સેવાઓમાં નોકરી માટેની ગુણવત્તા ધરાવતા ખેલાડીઓ માટે પ્રમાણપત્ર.

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી.........................................તે શ્રી.............................. ના/ની પુત્ર/પત્ની/પુત્રી છે. જેઓ.........................................................ખાતે રહે છે. (પૂરેપૂરું સરનામું) એમણે તારીખ.....................................થી તારીખ.....................................સુધી ......................................ખાતે યોજાયેલ સ્પર્ધા/ટુર્નામેન્ટમાં...................................... રમતમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કર્યું છે.

ઉપર્યુક્ત સ્પર્ધા/ટુર્નામેન્ટમાં વ્યક્તિએ/ટુકડીએ પ્રાપ્ત કરેલ સ્થાન...............................છે.

...............................................ના રાજ્ય સંઘની કચેરીના ઉપલબ્ધ રેકર્ડના આધારે આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળ.................................... સહી.....................................

તારીખ.................................... નામ.....................................

રાજ્ય એસોસિયેશનનું નામ.....................................

સરનામું.....................................

સિક્કો.....................................

નોંધ:—રાજ્ય એસોસિયેશનના સેક્રેટરીએ પોતે સહી કરી હશે તો જ આ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

## ફોર્મ—૩

(કોઈ પણ માન્ય રમત/ખેલકૂદમાં આંતર યુનિવર્સિટી સ્પર્ધામાં યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરવા માટે)

..........................................................................................યુનિવર્સિટી.

રાજ્ય સરકાર હેઠળની વર્ગ-૩ |વર્ગ-૪ની જગ્યાઓ /સેવાઓમાં નોકરી માટેની ગુણવત્તા ધરાવતા ખેલાડીઓ માટે પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી..........................................................................તે શ્રી..........................................................ના/ની પુત્ર/પત્ની/પુત્રી છે. જેઓ.......................................................................................ખાતે રહે છે. (પૂરેપૂરું સરનામું)...............................................ના વિદ્યાર્થી છે. એમણે તારીખ ....................................થી તારીખ.............................................સુધી ...................................................................ખાતે યોજાયેલ યુનિવર્સિટી સ્પર્ધા/ટુર્નામેન્ટમાં...................................... રમતમાં.......................................................................યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કર્યું છે.

ઉપર્યુકત સ્પર્ધા/ટુર્નામેન્ટમાં વ્યકિતએ/ટુકડીએ પ્રાપ્ત કરેલ સ્થાન.........................................................છે.

.......................................................................યુનિવર્સિટીના ખેલકૂદનો સમગ્ર હવાલો ધરાવતા ખેલકૂદ ડીન અથવા અધિકારીની કચેરીના ઉપલબ્ધ રેકર્ડના આધારે આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સહી ..........................................

સ્થળ..........................................

હોદ્દો ..........................................

તારીખ..........................................

યુનિવર્સિટીનું નામ ..........................................

સરનામું ..........................................

સિક્કો ..........................................

નોંધ:—..........................................યુનિવર્સિટીના ખેલકૂદનો સમગ્ર હવાલો ધરાવતા ડીન/નિયામક અથવા બીજા અધિકારીએ પોતે સહી કરી હશે તો જ આ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

----

## ફોર્મ—૪

(કોઈ પણ માન્ય રમતમાં શાળાઓની રાષ્ટ્રીય રમતમાં રાજ્ય શાળા ટુકડીનું પ્રતિનિધિત્વ કરવા માટે).

..................................................રાજ્યના/જાહેર શિક્ષણ નિયામકની કચેરી રાજ્ય સરકાર હેઠળને। વર્ગ-૩/વર્ગ-૪ની જગ્યાઓ/ સેવાઓ નોકરી માટેની ગુણવત્તા ધરાવતા ખેલાડીઓ માટે પ્રમાણપત્ર.

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી..................................................તે શ્રી.................................. ના/ની પુત્ર/પત્ની/પુત્રી છે. જેઓ..................................................ખાતે રહે છે. (પૂરેપૂરું સરનામું)..................................................ના. વિદ્યાર્થી છે. એમણે તારીખ..................................................થી તારીખ.................................. સુધી..................................................ખાતે યોજાયેલ શાળાઓ માટેની રાષ્ટ્રીય રમતોમાં.................................. ..................................................રમતમાં..................................................રાજ્ય શાળા/ટુકડીનું પ્રતિનિધિત્વ કર્યું છે.

ઉપર્યુક્ત સ્પર્ધા/ટુર્નામેન્ટમાં વ્યક્તિઓ/ટુકડીએ પ્રાપ્ત કરેલ સ્થાન..................................................છે.

..................................................ની જાહેર શિક્ષણ નિયામકની કચેરીના ઉપલબ્ધ રેકર્ડના આધારે આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળ..................................................

તારીખ..................................................

સહી ..................................................

નામ ..................................................

હોદ્દો ..................................................

સરનામું ..................................................

સિક્કો ..................................................

નોંધ:—રાજ્યના જાહેર શિક્ષણ નિયામકની કચેરીમાં શાળાઓ માટેની ખેલકૂદ અને રમતના સમગ્ર હવાલો ધરાવતા નિયામક અથવા અધિક/સંયુક્ત/નાયબ નિયામકે પોતે સહી કરી હશે તો જ આ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

સ. મ. પ્રે. ગા. (એચ)-૮૪૬-(૮૯-૯૦)-૭,૦૦૦-૮-૯૦

નિયમિત ભરતીમાં છૂટછાટ મુકીને અપવાદ
રૂપે વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યા પર
ખેલાડીઓની નિમણૂંક.

ગુજરાત સરકાર

સામાન્ય વહીવટ વિભાગ

ઠરાવ ક્રમાંક : સીઆરઆર-૧૧૮૮-૩૬૪૪-ગ-૨.

સચિવાલય, ગાંધીનગર તા. ૧લી ઓગસ્ટ, ૧૯૯૦.

વંચાણમાં લીધા :- (૧) સામાન્ય વહીવટ વિભાગનો સરકારી ઠરાવ ક્રમાંક : સીઆરઆર-૧૦૭૭-૨૬૬૦-ગ-૨, તા. ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૮૦.

(૨) સામાન્ય વહીવટ વિભાગનો સરકારી પરિપત્ર ક્રમાંક: સીઆરઆર-૧૧૮૨-૧૧/ગ-૨, તા. ૧૦મી મે, ૧૯૮૨.

ઠ રા વ

સામાન્ય વહીવટ વિભાગના ઉપર સંદર્ભ (૧) તથા (૨)માં દર્શાવેલ ઠરાવ તથા પરિપત્રથી સચિવાલયના સર્વે વિભાગો/ખાતા કચેરીઓના સર્વે વડાઓ હેઠળની વર્ગ-૩ અને વર્ગ-૪ની સેવાઓ જગ્યાઓ પર નિમણૂંક આપવા માટે ગુણવત્તા ધરાવતા રમતવીરો ખેલાડીઓને પસંદગી આપવા સરકારે યોજના નિયત કરી છે. સરકારની આ નીતિનો અમલ રાજ્યના તમામ જાહેર ઉપક્રમો/નિગમોની ભરતી એજન્સીઓને ચુસ્ત રીતે કરવા માટે જરૂરી સૂચના આપવા સચિવાલયના સંબંધિત વહીવટી વિભાગોને પણ સૂચના આપવામાં આવી છે. આ યોજનાનો લાભ વધુમાં વધુ રમતવીરોને મળે તે માટે કેટલીક વધારે રમતોનો સમાવેશ કરવા અંગેની બાબત કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આથી આ અંગે પુખ્ત વિચારણાને અંતે તથા ગુજરાત જાહેર સેવા આયોગના પારા-૩ સિવાયની બાબતે પૂર્વ પરામર્શ બાદ સરકારશ્રીએ નીચે પ્રમાણે નિર્ણય કર્યો છે :-

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૮૦ના સરકારી ઠરાવના જોડાણ-કમાં ઉલ્લેખ કરેલ રમતો-ખેલકુદની યાદીમાં ક્રમાંક (૧૯) પછી નીચે પ્રમાણેની વધારાની રમતો/ખેલકુદ ઉમેરવી.

(૨૦) તીરંદાજી.
(૨૧) ઘોડે સવારી
(૨૨) ગોળા ફેંક
(૨૩) નૌકા સ્પર્ધા
(૨૪) શતરંજ.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૮૦ના ઠરાવના જોડાણ-ગમાં દર્શાવેલ ફોર્મ-૧, ૨, ૩ અને ૪ના ફકરા-૨માં "મેળવેલ સ્થાન" શબ્દો છે તેના બદલે "કરેલ પ્રતિનિધિત્વ" શબ્દો વાંચવા. ફોર્મ-૪માં "જાહેર શિક્ષણ નિયામકની કચેરી," શબ્દોને બદલે "યુવક સેવા, અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ" શબ્દો વાંચવા.

(૩) સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૮૦ના ઠરાવનો લાગતો ફકરો-૩ રદ કરી તેના સ્થાને ફકરો-૩ નીચે પ્રમાણે વંચાણે લેવો :-

"ખેલાડીઓને જોડાણ-કમાં દર્શાવેલ રમતો-ખેલકુદમાં રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય અથવા આંતર યુનિવર્સિટી અથવા અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ખેલાડીઓને ગુણવત્તા ધરાવનાર તરીકે ગણવામાં આવશે. અને સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૮૦ના ઠરાવના ફકરા-૨માં જણાવેલ વિગતો પ્રમાણે વર્ગ-૩ અને વર્ગ-૪ની સેવાઓ અને જગ્યાઓ પર ભરતી માટે વિચારણાને પાત્ર ઠરશે."

વયમર્યાદામાં છૂટછાટ :

૨. રાજ્ય સરકાર હેઠળની વર્ગ-૩ અને વર્ગ-૪ની તમામ જગ્યાઓ કે જે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા સિવાય ભરવામાં આવે છે તેવી જગ્યાઓ પર સીધી ભરતીથી નિમણૂંક માટે ઉપલી વયમર્યાદામાં પાંચ વર્ષની છૂટછાટ જોડાણ કમાં દર્શાવેલ રમતો માટે ગુણવત્તા ધરાવતા રમતવીરોને આપવામાં આવશે.

૩. આ ઉપરાંત ગુજરાત જાહેર સેવા આયોગના ક્ષેત્રાધિકારમાં ન આવતી હોય અને માન્ય પધ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા સિવાય સીધી ભરતીથી નિમણૂંકોમાં જોડાણ-કમાં ભરવામાં આવતા રાજ્ય સરકાર હેઠળની વર્ગ—૩ અને વર્ગ—૪ની તમામ જગ્યાઓ ઉપર દર્શાવેલી રમતો માટે ગુણવત્તા ધરાવતા રમતવીરોને ઉપલી વય મર્યાદામાં પાંચ વર્ષની છૂટછાટ એજ ધોરણે પણ આપવામાં આવશે.

અનુસુચિત જાતિ/જનજાતિના ગુણવત્તા ધરાવતા રમતવીરોને વધુમાં વધુ દસ વર્ષની છૂટછાટ આપવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. આર. જાદવ,
ઉપ-સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ.
ગુજરાત સરકાર.

પ્રતિ.

રાજ્યપાલશ્રીના સચિવશ્રી.
મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી,
સર્વે મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
સચિવાલયના સર્વે વિભાગો.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, અમદાવાદ/રાજકોટ.
સર્વે ખાતાના વડાઓ / કચેરીઓ
સર્વે કલેકટરશ્રીઓ.
સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
સર્વે કચેરીના વડાઓ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ.
સિલેક્ટ ફાઈલ.

---
*પત્ર દ્વારા

# ફોર્મ—૨

(કોઈપણ માન્ય રમત/ખેલકૂદ રાષ્ટ્રીય સ્પર્ધામાં ભારતમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કરવા માટે)

..............................................ની રમતનું..............................................રાજ્ય

એસોસીએશન રાજ્ય સરકાર હેઠળની વર્ગ-૩/વર્ગ-૪ની જગ્યાઓ/સેવાઓમાં નોકરી માટેની ગુણવત્તા ધરાવતા ખેલાડીઓ માટે પ્રમાણપત્ર.

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી..............................................તે શ્રી..............................................

ના/ની પુત્ર/પત્ની/પુત્રી છે જેઓ ..............................................ખાતે રહે છે.

(પુરેપૂરૂ સરનામું) એમણે તારીખ..............................................થી તારીખ..............................................સુધી

..............................................ખાતે યોજાયેલ સ્પર્ધા/ટુર્નામેન્ટમાં..............................................

રમતમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કર્યું છે.

ઉપર્યુકત સ્પર્ધા/ટુર્નામેન્ટમાં વ્યકિતએ/ટુકડીએ પ્રતિનિધિત્વ કરેલ છે.

..............................ના રાજ્ય સંઘની કચેરીના ઉપલબ્ધ રેકર્ડના આધારે આ પ્રમાણપત્ર આપવામાં આવેલ છે.

સ્થળ..............................

તારીખ..............................

સહી..............................................

નામ..............................................

રાજ્ય એસોસીએશનનું નામ..............................

સરનામું..............................................

સિક્કો..............................................

નોંધ: રાજ્ય એસોસીએશનના સેક્રેટરીએ પોતે સહી કરી હશે તો જ આ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

૩

જોડાણ—ગ

જોડાણ—ખમાં ઉલ્લેખ નમૂનાના ફોર્મ

ફોર્મ—૧

(કોઈપણ માન્ય રમત/ખેલકૂદમાં આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે)

રાષ્ટ્રીય સંઘ/રાષ્ટ્રીય એસોસીએશન

રાજ્ય સરકાર હેઠળની વર્ગ-૩/વર્ગ-૪ની જગ્યાઓ/સેવાઓમાં નોકરી માટેની ગુણવત્તા ધરાવતા ખેલાડીઓ માટે પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી ........................................ તે
શ્રી ........................................ ના પુત્ર/પત્ની/પુત્રી છે. જેઓ ........................................
ખાતે રહે છે. (પૂરેપૂરું સરનામું) એમણે તારીખ ........................................ થી ........................................
સુધી ........................................ ખાતે યોજાયેલ સ્પર્ધા/ટુર્નામેન્ટમાં ........................................
રમતમાં દેશનું પ્રતિનિધિત્વ કર્યું છે.

ઉપર્યુક્ત સ્પર્ધા ટુર્નામેન્ટમાં વ્યક્તિએ/ટુકડીએ કરેલ પ્રતિનિધિત્વ ........................................ છે.
........................................ ના રાષ્ટ્રીય સંઘ/રાષ્ટ્રીય એસોસીએશન કચેરીમાં
ઉપલબ્ધ રેકર્ડના આધારે આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળ ....................

તારીખ ....................

સહી ........................................

નામ ........................................

હોદ્દો ........................................

સંઘ/રાષ્ટ્રીય એસોસીએશનનું નામ ....................

સરનામું ........................................

સિક્કો ........................................

નોંધ.—રાષ્ટ્રીય સંઘ/રાષ્ટ્રીય એસોસીએશનના સેક્રેટરીએ પોતે સહી કરી હશે તો જ આ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

## ફોર્મ—૩

(કોઈપણ માન્ય રમત/ખેલકૂદમાં આંતર યુનિવર્સિટી સ્પર્ધામાં યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરવા માટે)

.................................................... યુનિવર્સિટી.

રાજ્ય સરકાર હેઠળની વર્ગ-૩/વર્ગ-૪ની જગ્યાઓ/સેવાઓમાં નોકરી માટે ગુણવત્તા ધરાવતા ખેલાડીઓ માટે પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી.............................................ને.............................
શ્રી..............................................ના/ની પુત્ર/પત્ની/પુત્રી છે. જેઓ..............................................
..........................ખાતે રહે છે (પૂરેપૂરું સરનામું).......................ના.......................................સુધી
વિદ્યાર્થી છે. એમણે તારીખ..............................થી તારીખ..............................................................
..........................ખાતે યોજાયેલ યુનિવર્સિટી સ્પર્ધા/ટુર્નામેન્ટમાં..........................................................
રમતમાં..............................................યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કર્યું છે.

ઉપર્યુક્ત સ્પર્ધા/ટુર્નામેન્ટમાં વ્યક્તિએ/ટુકડીએ કરેલ પ્રતિનિધિત્વ છે.
..............................................યુનિવર્સિટીના ખેલકૂદનો સમગ્ર હવાલો ધરાવતા ખેલકૂદ હેડ અથવા અધિકારીના
કચેરીના ઉપલબ્ધ રેકર્ડના આધારે આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સહી..............................................

સ્થળ..........................

હોદ્દો..............................................

તારીખ..........................

યુનિવર્સિટીનું નામ..............................

સરનામું..............................................

સિક્કો..............................................

નોંધ—..............................યુનિવર્સિટીના ખેલકૂદનો સમગ્ર હવાલો ધરાવતા હેડ/નિયામક અથવા બીજા અધિકારીઓ પોતે સહી કરી હશે તો જ આ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

11. ૭ 11



## ફોર્મ—૪

(કોઈપણ માન્ય રમતમાં શાળાઓની રાષ્ટ્રીય રમતમાં રાજ્ય શાળા ટુકડીનું પ્રતિનિધિત્વ કરવા માટે).

................................ રાજ્યના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી રાજ્ય સરકાર હેઠળનો વર્ગ-૩/

વર્ગ-૪ની જગ્યાઓ/સેવાઓ નોકરી માટેની ગુણવત્તા ધરાવતા ખેલાડીઓ માટે પ્રમાણપત્ર.

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી ................................ તે શ્રી ................................

ના/ની પુત્ર/પત્ની/પુત્રી છે જેઓ ................................ ખાતે રહે છે

(પૂરેપૂરૂ સરનામું) ................................ ના વિદ્યાર્થી છે.

એમણે તારીખ ................................ થી તારીખ ................................

સુધી ................................ ખાતે યોજાયેલ શાળાઓ માટેની રાષ્ટ્રીય રમતોમાં ................................

................................ રમતમાં ................................ રાજ્ય શાળા/ટુકડીનું પ્રતિનિધિત્વ કર્યું છે.

ઉપર્યુકત સ્પર્ધા/ટુર્નામેન્ટમાં વ્યકિતઓ/ટુકડીએ કરેલ પ્રતિનિધિત્વ છે. ................................

................................ ની યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કચેરીના ઉપલબ્ધ

રેકર્ડના આધારે આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળ ................................

તારીખ ................................

સહી ................................

નામ ................................

હોદ્દો ................................

સરનામું ................................

સિક્કો ................................

નોંધ :— રાજ્યના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં શાળાઓ માટેના ખેલકૂદ અને રમતના સમગ્ર હવાલો ધરાવતા નિયામક અથવા અધિક/સંયુક્ત/નાયબ નિયામકે પોતે સહી કરી હશે તો જ આ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

---

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

C-Bhikhu-U.2-4.18.01

નિયમિત ભરતીમાં છૂટછાટ: મૂકીને અથવા બીજી રીતે વર્ગ-૩ અને વર્ગ-૪ ની જગ્યા પર ખેલાડીઓની નિમણૂક.

ગુજરાત સરકાર.
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૦૯૯/યુ.ઓ.-૪૧૧૦/ગ.૨
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧૮/૪/૨૦૦૧.

વંચાણે લીધા: (૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૫મી ફેબ્રુઆરી,૧૯૮૦ નો સરકારી ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગ.૨,
(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૦ મી મે,૧૯૮૨ નો સરકારી પરિપત્ર ક્રમાંક: સીઆરઆર /૧૧૮૨/૧૧/ગ.૨,
(૩) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧લી ઓગષ્ટ,૧૯૯૦ નો સરકારી ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૧૮૮/૩૫૪૪/ગ.૨.

ક્ર ક્ર ક્ર ક્ર ક્ર

સામાન્ય વહીવટ વિભાગના ઉપર સંદર્ભ (૧) થી (૩) માં દર્શાવેલ ઠરાવો તથા પરિપત્રથી સચિવાલય સર્વે વિભાગ/ ખાતા કચેરીઓના સર્વે વડાઓ હેઠળની વર્ગ-૩ અને વર્ગ-૪ ની સેવાઓ/ જગાઓ પર નિમણૂક આપવા માટે ગુણવત્તા ધરાવતા રમતવીરો/ ખેલાડીઓને પસંદગી આપવા સરકારે યોજના નિયત કરી છે. આ યોજનાનો લાભ વધુમાં વધુ રમતવીરોને મળે તે માટે વધારાની રમતનો સમાવેશ કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આથી આ અંગે પુખ્ત વિચારણાને અંતે તથા ગુજરાત જાહેર સેવા આયોગના પરામર્શ બાદ સરકારશ્રી નીચે મુજબની રમતનો સમાવેશ કરવાનું ઠરાવે છે.

સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫ મી ફેબ્રુઆરી, ૧૯૮૦ ના સરકારી ઠરાવના જોડાણ-ક માં ઉલ્લેખ કરેલ રમતો-ખેલકૂદની યાદીમાં ક્રમાંક: (૨૪) પછી નીચે પ્રમાણેની વધારાની રમત/ ખેલકૂદ ઉમેરવી.

" (૨૫) હેન્ડ બોલ. ( Hand Ball ) "

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી. એમ. સદાદીયા)
ઉપ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ/ રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/ નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
× રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વિસીઝ ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
સચિવાલયના તમામ વિભાગો./ તમામ ખાતાના વડા/ કચેરીના વડા.
સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ/ અધિકારીઓ.
સીલેક્ટ ફાઈલ. ગ.૨ -શાખા,

**નિયમિત ભરતીમાં છૂટછાટ મુકીને વર્ગ-૩ અને વર્ગ-૪ ની જગ્યાઓ પર રમતવીરોને પસંદગી આપવા બાબત.**

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃસીઆરઆર-૧૦૨૦૦૫-૫ુઓ-૧૨૭૭-ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૧/૧૦/૨૦૦૫.

**વંચાણમાં લીધાઃ-**

(૧) સા.વ.વિ.નો તા.૨૫-૨-૮૦ નો સરકારી ઠરાવ ક્રમાંકઃ-સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગ.૨,
(૨) સા.વ.વિ.નો તા.૧૦-૫-૮૨ નો સરકારી પરિપત્ર ક્રમાંકઃ-સીઆરઆર-૧૧૮૨-૧૧-ગ.૨,
(૩) સા.વ.વિ.નો તા.૧-૮-૯૦ નો સરકારી ઠરાવ ક્રમાંકઃ-સીઆરઆર-૧૧૮૮-૩૬૪૪-ગ.૨,
(૪) સા.વ.વિ.નો તા.૧૮-૪-૦૧ નો સરકારી ઠરાવ ક્રમાંકઃ-સીઆરઆર-૧૦૯૯-પુઓ-૪૧૧-ગ.૨

**પરિપત્રઃ-**

વંચાણ ક્રમાંકઃ(૧) હેઠળના, સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫-૨-૮૦ નાં ઠરાવ અન્વયે યોગ્ય લાયકાતવાળી અને ભરતી નિયમોની અન્ય જરૂરિયાતો ધરાવતી વ્યકિતઓમાંથી, બીજી બધી બાબતો સમાન હોય તો નિયત શરતોને આધિન રહીને નિયમિત ભરતીથી અથવા બીજી રીતે ભરવી જરૂરી હોય એવી સરકાર હેઠળની વર્ગ-૩ અને વર્ગ-૪ ની સેવાઓ/જગ્યાઓ પર નિમણૂંક માટે ગુણવત્તા ધરાવતા ખેલાડીઓને પસંદગી આપવાનું ઠરાવેલ છે, અને તદઅનુસાર-

(૧) ગુજરાત જાહેર સેવા આયોગ ધ્વારા કોઈપણ રૂબરૂ મુલાકાત કે મૌખિક કસોટી સિવાય સ્પર્ધાત્મક પરીક્ષા પધ્ધતિથી કોઈ સેવા કે જગ્યા માટે ભરતી કરાતી હોય એવા કેસો અંગે નિયત કરેલ શરતો પરિપૂર્ણ કરનાર ઉમેદવારોને સરકારી સેવામાં પસંદગી માટે પાત્ર ગણવા. આ હેતુ માટે કોઈપણ લિખિત કસોટીમાં એમણે મેળવેલ ગુણની કુલ સંખ્યાના ૫ ટકાથી વધુ નહી એટલા ગુણ ઉમેરીને એમને પસંદગી આપી શકાય છે, જ્યારે,

(૨) જ્યાં રૂબરૂ મુલાકાતને આધારે ભરતી કરાય છે અને ઉમેદવારની પસંદગી એસ.એસ.સી. પરીક્ષા વગેરેમાં મેળવેલ ગુણ પર આધારિત હોય ત્યાં ગુણવત્તા ધરાવતા ખેલાડીની બાબતમાં ભરતી માટેના ધોરણો અંગે આવા ગુણની જરૂરિયાત ૫ ટકાથી વધુ ન હોય તે રીતે ઘટાડી શકાય છે.

૨. ઉપર દર્શાવ્યા મુજબની ગુણવત્તા ધરાવનાર ખેલાડીઓને ભરતી સમયે પસંદગી આપવા અંગેની નીતિ સ્વયંસ્પષ્ટ હોવા છતાં શિક્ષણ વિભાગ હેઠળની વિદ્યાસહાયકની ભરતી સમયે ખેલાડીઓને પસંદગી આપવા સંબંધે શિક્ષણ વિભાગ ધ્વારા અપનાવાયેલ પધ્ધતિ સંદર્ભે કેટલાક ઉમેદવારોએ નામ.વડી અદાલતમાં સ્પે.સી.એ.નં.૧૪૯૦૭/૨૦૦૪ દાખલ કરી દાદ માંગવામાં આવેલ હતી. જેમાં ઉપર ફકરા-૧(૨) માં દર્શાવેલ જોગવાઈના અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ હતો. જે પરત્વે સરકાર ધ્વારા જરૂરી સ્પષ્ટતા કરતા સરકારની સ્પષ્ટતા ધ્યાને લઈને નામ. વડી અદાલતે પીટીશનનો આખરી નિકાલ કરેલ હતો. આ પીટીશનનો નિકાલ કરતી વખતે નામ.વડી અદાલતે એવું પણ અવલોકન કરેલ છે કે રાજય સરકારે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫-૨-૮૦ ના પરિપત્રની જોગવાઈ અંગે કરેલ અર્થઘટનની વિગતો દરેક જિલ્લાઓને પણ પરિપત્રિત કરવામાં આવે કે જેથી કરીને દરેક જિલ્લામાં નિયમો સમાનપણે અપનાવવામાં આવે.

૩. ઉપર્યુકત વિગતોના સંદર્ભમાં સ્પષ્ટતા કરવામાં આવે છે કે, સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫-૨-૮૦ ના પરિપત્રના ફકરા-૨(ખ)માં ગુણવત્તા ધરાવતા ખેલાડીની બાબતમાં ભરતી માટેના ધોરણ અંગે આવા ગુણની જરૂરિયાત ૫ ટકાથી વધુ ન હોય તે રીતે ઘટાડવાની જે જોગવાઈ છે તેનો અમલ કરવા માટે ભરતીની જગ્યા/સેવા પર નિમણુંક માટે જે ધોરણ નિયત થયેલ હોય તે ધોરણ મુજબના ટકામાંથી ૫ ટકા જેટલા ગુણ બાદ કરતાં જે ધોરણ નિયત થાય તે ધોરણ મુજબની લાયકાત ધરાવતાં ખેલાડી જો ઉપલબ્ધ હોય તો, અન્ય બીનખેલાડી ઉમેદવારને પ્રથમ પસંદ કરવાને બદલે, ખેલાડી ઉમેદવારને પ્રથમ પસંદગી આપવાની રહે છે. દા.ત. જો કોઈ જગ્યા પરની ભરતી માટે

૮૦ ટકાનું ધોરણ નિયત થયેલ હોય, એટલે કે મેરીટ લીસ્ટમાં છેલ્લો ઉમેદવાર ૮૦ ટકા પર હોય તો ઉકત ૮૦ ટકાના મહત્તમ ૫ ટકા ગણતા તે કેસમાં ૪ ટકા જેટલા ગુણ ઘટાડીને ધોરણ નક્કી કરવાનું રહે. એટલે કે આ કિસ્સામાં ૮૦-૪=૭૬ ટકા થાય. આમ ૭૬ ટકા પ્રાપ્ત કરેલ હોય તેવા રમત-ગમતના ખેલાડી એવા ઉમેદવાર છૂટછાટ સાથે ૮૦ ટકાએ પહોંચે છે એટલે જો બિનખેલાડી ઉમેદવાર ૮૦ ટકા ગુણ ધરાવતો હોય, અને ખેલાડી ઉમેદવાર ૭૬ ટકા ધરાવતો હોય તો તેના કિસ્સામાં ૪ ટકા ગુણ ઉમેરીને ખેલાડી ઉમેદવારને પ્રથમ પસંદગી આપવાની રહેશે.

૪. ઉપર પ્રમાણે ખેલાડી ઉમેદવારને મહત્તમ ૫ ટકા માર્કસની છૂટછાટનો લાભ આપ્યા બાદ જો અન્ય મેરીટ ધરાવતા ઉમેદવાર અને ખેલાડી ઉમેદવારના ગુણ સમાન થતા હોય તો સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૫-૨-૮૦ ના ઉપરોકત ઠરાવની સુચનાઓ અનુસાર ખેલાડી ઉમેદવારને નિમણૂંક માટે પ્રથમ પસંદગી આપવાની રહેશે.

૫. સચિવાલયના સર્વે વિભાગો/ખાતા-કચેરીના વડાઓ, રાજયના તમામ જાહેર ઉપક્રમો/નિગમોની ભરતી એજન્સીઓએ ઉપર્યુકત સ્પષ્ટતાઓ ધ્યાને લઈને આ યોજનાનો અમલ કરવાનો રહેશે અને સચિવાલયના સર્વે વિભાગોએ તેના નિયંત્રણ હેઠળની તમામ કચેરીઓને આ સુચનાઓ પરિપત્રિત કરવાની રહેશે. આ પરિપત્રથી ફકત યોજનાના અમલ માટેની સ્પષ્ટતા જ બહાર પાડવામાં આવેલ છે. આનાથી મૂળ યોજનામાં કોઈ ફેરફાર થતો નથી. આથી ઉપર વંચાણે લીધેલ ઠરાવો અને પરિપત્રોથી અપાયેલ સૂચનાઓ યથાવત રહે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.એમ. સદાદીયા)
ઉપ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ / રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ. સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત રાજય સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર.
× રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો,
સર્વે ખાતાના વડા તથા કચેરીઓના વડાઓ.
સામાન્ય વહીવટ વિભાગના તમામ અધિકારીશ્રીઓ / શાખાઓ.
<u>પસંદગી ફાઈલ</u>
× પત્ર દ્વારા.

નિયમિત ભરતીમાં છૂટછાટ મુકીને વર્ગ–૩ અને વર્ગ–૪ ની જગ્યાઓ પર રમતવીરોને પસંદગી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ–સીઆરઆર/૧૦૨૦૦૪/સીએમ–૧૪/ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ–૫/૧૨/૨૦૦૬.

વંચાણે લીધાઃ–

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તારીખઃ૨૫–૨–૮૦ નો સરકારી ઠરાવ ક્રમાંકઃ–સીઆરઆર–૧૦૭૭–૨૬૬૦–ગ.૨,
(૨) સા.વ.વિભાગનો તા.૧૦–૫–૮૨ નો ઠરાવ ક્રમાંકઃસીઆરઆર–૧૧૮૨–૧૧–ગ.૨.,
(૩) સા.વ.વિભાગનો તા.૧–૮–૯૦ નો ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર–૧૧૮૮–૩૬૪૪–ગ.૨,
(૪) સા.વ.વિભાગનો તા.૧૮–૪–૦૧ નો ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર–૧૦૯૯–યુઓ–૪૧૧–ગ.૨,
(૫) સા.વ.વિભાગનો તા.૧૧–૧૦–૦૫નો પરિપત્ર ક્રમાંકઃ સીઆરઆર–૧૦૨૦૦૫–યુઓ–૧૨૭૭–ગ.૨,

ઠ રા વઃ–

ઉપર વંચાણે લીધેલાં સામાન્ય વહીવટ વિભાગનાં ઠરાવો અને પરિપત્રોથી વર્ગ–૩ અને વર્ગ–૪ ની જગ્યાઓની ભરતીમાં ગુણવત્તા ધરાવતા ખેલાડીઓને નિમણૂંક માટે કેટલીક છૂટછાટો આપવામાં આવેલ છે. તદનુસાર સામાન્ય વહીવટ વિભાગના તા.૧–૮–૯૦ ના ઠરાવ મુજબ સ્પર્ધાત્મક પરીક્ષા સિવાય માન્ય પધ્ધતિથી ભરવામાં આવતી વર્ગ–૩ અને વર્ગ–૪ ની જગ્યાઓ ઉપર સીધી ભરતીમાં ગુણવત્તા ધરાવતા રમતવીરોને તેમની ઉપલી વયમર્યાદામાં પાંચ વર્ષની છૂટછાટ આપવાની જોગવાઈ છે. પોલીસ ખાતાની તેમજ વન વિભાગ હેઠળની વર્ગ–૩ અને વર્ગ–૪ ની એવી જગ્યાઓ કે જે પર પસંદ થવા માટે ઉમેદવારે નિયત શારીરિક યોગ્યતા કસોટી પાસ કરવી ફરજિયાત હોય તેવી જગ્યાઓની સીધી ભરતીમાં પણ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાના અંતે પોલીસ ખાતા હેઠળ તેમજ વન વિભાગ હેઠળની વર્ગ–૩ અને વર્ગ–૪ ની જગ્યાઓ ઉમેદવારોની સ્પર્ધાત્મક પરીક્ષાના પરીણામ

P.T.O.

અને/અથવા માત્ર તેમની મૌખિક કસોટીથી ભરાતી હોય તેમજ શારીરિક યોગ્યતા કસોટી પાસ કરવી એ પસંદગીના એક ભાગ તરીકે ફરજિયાત નિયત થયેલ હોય તેવી જગ્યાઓ પરની ભરતીમાં પણ ગુણવત્તા ધરાવતા રમતવીરોની ઉપલી વયમર્યાદામાં પાંચ વર્ષની છૂટછાટ આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

૩. ઉપર વંચાણે લીધેલ સામાન્ય વહીવટ વિભાગના ઠરાવો/પરિપત્રોની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઈ.એન. સોલંકી )
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ.

નકલ રવાના
પ્રતિ,

– માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
– માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
– માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
– સર્વે મંત્રીશ્રીઓ / રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
× રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, જૂનું સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, અમદાવાદ.
– સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
– સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
– સચિવાલયના સર્વે વિભાગો,
– સર્વે ખાતાના વડાઓ / તમામ કચેરીઓના વડાઓ.
– સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ/ અધિકારીઓ.
– પસંદગીની ફાઈલ–ગ.ર શાખા.
× પત્ર ધ્વારા.

નિયમિત ભરતીમાં છુટછાટ મુકીને વર્ગ-૩ અને વર્ગ-૪ ની જગ્યાઓ પર રમતવીરોને પસંદગી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ- સીઆરઆર/૧૦૨૦૧૩/૨૪૨૭૯૨/ગ-૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૨૧/૦૨/૨૦૧૪.

વંચાણે લીધાઃ-

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તારીખ-૨૫/૨/૧૯૮૦નો ઠરાવ ક્રમાંક-સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગ-૨.
(૨) સામાન્ય વહીવટ વિભાગનો તારીખ-૧૦/૫/૧૯૮૨નો પરિપત્ર ક્રમાંક-સીઆરઆર/૧૧૮૨/૧૧/ગ-૨.
(૩) સામાન્ય વહીવટ વિભાગનો તારીખ-૧/૦૮/૧૯૯૦નો ઠરાવ ક્રમાંક-સીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ગ-૨.
(૪) સામાન્ય વહીવટ વિભાગનો તારીખ-૧૮/૦૪/૨૦૦૧નો ઠરાવ ક્રમાંક- સીઆરઆર/૧૦૯૯/યુ.ઓ-૪૧૧૦/ગ-૨.
(૫) સામાન્ય વહીવટ વિભાગનો તારીખ-૧૧/૧૦/૨૦૦૫નો પરિપત્ર ક્રમાંક-સીઆરઆર/૧૦૨૦૦૫/યુ.ઓ.૧૨૭૭/ગ-૨.

આમુખ

સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના વંચાણ હેઠળના ક્રમાંક (૧) સામેના તારીખ-૨૫/૨/૧૯૮૦ના ઠરાવથી વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યા પર નિયમિત ભરતીમાં ખેલાડીઓને છુટછાટ આપી પસંદગી આપવા અંગેની નીતિ નક્કી કરવામાં આવેલ છે. સદરહુ તારીખ-૨૫/૨/૧૯૮૦ના ઠરાવના ફકરાં-૨.(ક)માં નીચે મુજબની જોગવાઇ કરવામાં આવી છે.

"ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા કોઇ પણ રૂબરૂ મુલાકાત કે મૌખિક કસોટી સિવાય સ્પર્ધાત્મક પરીક્ષા પદ્ધતિથી કોઇ સેવા કે જગ્યા માટે ભરતી કરાતી હોય એવા કેસો અંગે, નીચેના ફકરા-૩માં નિયત કરેલ શરતો પરિપૂર્ણ કરનાર ઉમેદવારોને સરકારી સેવામાં પસંદગી માટે પાત્ર ગણવા. આ હેતુ માટે કોઇ પણ લિખિત કસોટીમાં એમણે મેળવેલ ગુણની કુલ સંખ્યાના ૫ ટકાથી વધુ નહી એટલા ગુણ ઉમેરીને એમને પસંદગી આપી શકાશે."

૨. ઉપર્યુકત જોગવાઇ ધ્યાને લેતાં, તેમાં ફક્ત સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે તૈયાર થતી પસંદગીયાદીનો સમાવેશ થાય છે. પરંતુ, રાજ્ય સેવામાં વિવિધ વિભાગોમાં / જાહેર સેવા આયોગ દ્વારા કરવામાં આવતી સીધી ભરતીમાં લેખિત કસોટી ઉપરાંત રૂબરૂ મુલાકાત કે મૌખિક કસોટીનો પણ સમાવેશ થતો હોય છે.આમ, આવી ભરતી પ્રક્રિયામાં તારીખ- ૨૫/૨/૧૯૮૦ના ઠરાવના ફકરાં-૩માં દર્શાવેલ શરતો પરિપુર્ણ કરતાં રમતવીર ઉમેદવારને કઇ રીતે, કયા તબક્કે, કેટલાં ગુણ આપી પસંદગીમાં અગ્રતા આપવી તે અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

-:ઠરાવ:-

સરકારશ્રીની કાળજી પુર્વકની વિચારણાના અંતે, વંચાણ હેઠળના ક્રમાંક (૧) સામેના તારીખ-૨૫/૨/૧૯૮૦ના ઠરાવના હાલના ફકરા-૨.(ક)ની જોગવાઇ રદ કરી તેના સ્થાને નીચે જણાવ્યા મુજબની ફકરા-૨.(ક)ની જોગવાઇ દાખલ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨.(ક) ગુજરાત જાહેર સેવા આયોગ અથવા અન્ય માન્ય ભરતી એજન્સીઓ દ્વારા કોઇ પણ સેવા કે જગ્યા માટે ભરતી કરાતી હોય એવા કેસો અંગે સામાન્ય વહીવટ વિભાગના તારીખ-૨૫/૨/૧૯૮૦ના ઠરાવના ફકરા-૩માં નિયત કરેલ શરતો પરિપૂર્ણ કરનાર રમતવીર ઉમેદવારોને સરકારી સેવામાં પસંદગી માટે પાત્ર ગણવા માટે:-

(૧) જ્યાં રૂબરૂ મુલાકાત કે મૌખિક કસોટી સિવાય સ્પર્ધાત્મક પરીક્ષા પદ્ધતિથી કોઇ સેવા કે જગ્યા માટે ભરતી કરાતી હોય ત્યારે આ હેતુ માટે કોઇ પણ લેખિત કસોટીમાં રમતવીર ઉમેદવારોએ મેળવેલ ગુણના ૫ ટકા ગુણ ઉમેરી એમને પસંદગી આપી શકાશે.

(૨) લેખિત તથા મૌખિક કસોટીના આધારે તૈયાર થતી પસંદગી યાદીમાં રમતગમતનું યોગ્ય પ્રમાણપત્ર ધરાવતા તમામ રમતવીર ઉમેદવારોને તેમણે લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણના ૫ ટકા ગુણ ઉમેરી આપવા અને જો તેમ કરતાં તેઓ રૂબરૂ મુલાકાત માટેનું ધોરણ સંતોષતા હોય તો તેમને રૂબરૂ મુલાકાત માટે લાયક ગણવા.પરંતુ, રૂબરૂ મુલાકાતમાં કોઇ જ ગુણ મળવા પાત્ર થશે નહી. એટલે કે, લેખિત અને રૂબરૂ મુલાકાતના આધારે તૈયાર થતી પસંદગી યાદી તેમજ ફકત રૂબરૂ મુલાકાતને આધારે તૈયાર થતી પસંદગી યાદીમાં રમતવીરોને રમતના પ્રમાણપત્રને આધારે રૂબરૂ મુલાકાતમાં કોઇ જ ગુણ મળવા પાત્ર થશે નહી.

(૩) જયાં લેખિત કસોટીમાં બેસવા માટે પાત્ર થવા માટે અથવા રૂબરૂ મુલાકાતને માટે પાત્ર થવા માટે ઉમેદવારોની પ્રીલીમીનરી કસોટી (જેના માર્કસ મેરીટમાં ગણાતા ન હોય)

લેવામાં આવતી હોય તો તેવી કસોટીમાં પણ રમતગમતનું 'યોગ્ય' પ્રમાણપત્ર ધરાવતાં ઉમેદવારોને લેખિત પરીક્ષામાં બેસવા માટે પાત્ર થવા અથવા રૂબરૂ મુલાકાતને માટે પાત્ર થવા માટે રમતવીર ઉમેદવારોને પ્રીલીમીનરી કસોટીમાં મેળવેલ ગુણના પાંચ ટકા ગુણ ઉમેરીને એમને પસંદગી આપી શકાશે.

૩. જયારે જયાં રૂબરૂ મુલાકાતને આધારે ભરતી કરાય છે અને ઉમેદવારની પસંદગી એસ.એસ.સી. પરીક્ષા વગેરેમાં મેળવેલ ગુણ પર આધારિત હોય ત્યાં ગુણવત્તા ધરાવતા ખેલાડીની બાબતમાં ભરતી માટેના ધોરણો અંગે આવા ગુણની જરૂરિયાત ૫ ટકાથી વધુ ન હોય તે રીતે ઘટાડવી તેવી વંચાણ હેઠળના ક્રમાંક (૧) સામેના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫-૨-૧૯૮૦ના ઠરાવના ફકરા-૨.(ખ) તથા તે અન્વયે વંચાણ હેઠળના ક્રમાંક (૫) સામેના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧-૧૦-૨૦૦૫ના પરિપત્રથી કરવામાં આવેલ જોગવાઇ ચાલુ રહેશે.

૪. ગુજરાત જાહેર સેવા આયોગના ક્ષેત્રાધિકારમાં ન આવતી હોય તેવી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ અથવા અન્ય માન્ય પધ્ધતિથી ભરવામાં આવતી રાજ્ય સરકાર હેઠળની વર્ગ-૩ અને વર્ગ-૪ની તમામ જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણુંકોમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫-૨-૧૯૮૦ના ઠરાવના જોડાણ "ક"માં જણાવેલ માન્ય રમતોમાં તેમજ વખતો વખત સુધારેલ જોગવાઇ મુજબની રમતોમાં મેળવેલ માન્ય પ્રમાણપત્ર ધરાવતાં રમતવીરોને પણ ઉપર્યુક્ત જોગવાઇ લાગુ પડશે.

ઉપર્યુકત જોગવાઇનું ચુસ્તપણે પાલન કરવામાં આવે તે જોવા માટે સચિવાલયના સર્વે વિભાગો તેમજ ખાતાના વડાઓને આથી સુચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.એમ.સદાદીયા)
સંયુક્ત સચિવ(ક.ગ.),
સમાન્ય વહીવટ વિભાગ.
ગુજરાત સરકાર.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

સર્વેમંત્રીશ્રી / રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, ગાંધીનગર.

*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.

*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.

*સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.

*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.

*સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.

*સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

*સચિવશ્રી, ગુજરાત રાજય માહિતી આયોગ, ગાંધીનગર.

સચિવાલયના તમામ વિભાગો (તેમના તાબાના ખાતાના વડાઓ / કચેરીના વડાઓને યોગ્ય સુચના આપવાની વિનંતી સહ.)

સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ / અધિકારીઓ.

<u>પસંદગી ફાઇલ.</u>

<u>*પત્ર દ્વારા.</u>